सत्यमेव जयते

**ગુજરાત સરકાર**

# રાજ્યના લઘુ, કુટિર અને નાના ઔદ્યોગિક એકમો માટે નવી ખરીદ નીતિ-૧૯૯૭

ઉદ્યોગ અને ખાણ વિભાગ
સરદાર ભવન, સચિવાલય,
ગાંધીનગર-૩૮૨ ૦૧૦

રાજ્યના લઘુ, કુટિર અને નાના ઔદ્યોગિક
એકમો માટે નવી ખરીદ નીતિ-૧૯૯૭.

ગુજરાત સરકાર
ઉદ્યોગ અને ખાણ વિભાગ
ઠરાવ ક્રમાંક : એસપીઓ-૧૦૯૫-૨૬૩૬ (૯૭)-ચ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૩-૯-૧૯૯૭

વંચાણે લીધો :- ઉદ્યોગ અને ખાણ વિભાગ ઠરાવ ક્રમાંક : એસપીઓ-૧૦૯૨-૧૨૭૦- (૯૭)-ચ, તારીખ ૨-૪-૯૩

: આમુખ :

લઘુ ઉદ્યોગોને પ્રોત્સાહન રુપ નવી ખરીદ નીતિ સરકારના આમુખમાં દર્શાવેલા ઠરાવથી અમલમાં મુકવામાં આવેલ હતી. સદરહુ ઠરાવની નીતિના અમલમાં ઠરાવમાં રહેલી કેટલીક વિસંગતતાઓ તથા કેટલીક ખામીઓને લીધે અર્થઘટનની મુશ્કેલી અનુભવવી પડતી હતી. આ ખામીઓ અંગેની રજુઆતો વિવિધ સંસ્થાઓ, ઉત્પાદક મંડળો તથા સરકારી ખાતા તરફથી સરકારને મળેલ હતી. આ સંદર્ભમાં હાલની ખરીદ નીતિ અંગે પુનઃવિચારણા કરવાની જરૂરિયાત ઊભી થઈ હતી. રાજયના લઘુ, કુટિર તેમજ નાના ઔદ્યોગિક એકમોને અને બેરોજગાર શિક્ષિતો તરફથી શરૂ કરવામાં આવેલા ઉદ્યોગોને બજાર સહાય મળી રહે તથા ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ સંલગ્ન સંસ્થાઓ અને બજાર સહાય આપવાની કામગીરી બજાવતાં રાજયનાં નિગમો મારફત પણ રાજ્યના લઘુ, કુટિર અને ઔદ્યોગિક એકમો વિગેરેને પૂરતી બજાર સહાય મળી રહે તે મુજબની નવી ખરીદ નીતિ ઘડવા સરકાર દ્વારા સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગના અધ્યક્ષપદે આ ખરીદ નીતિની સમીક્ષા કરવા માટે એક સમિતિ નિમવામાં આવેલ હતી. સમિતિએ વિવિધ સંસ્થાઓ, મંડળો, બોર્ડ નિગમો તથા ખરીદી કરતા અગ્રગણ્ય ખાતાઓ તરફથી મળેલી રજૂઆતો લક્ષમાં લઈ અહેવાલ તૈયાર કરી સરકારને સુપ્રત કર્યો હતો જે વિચારણા હેઠળ હતો.

ઠરાવ :-

પુખ્ત વિચારણાને અંતે વિભાગનો લઘુ ઉદ્યોગોને પ્રોત્સાહન રુપ નવી ખરીદ નીતિનો તા. ૨-૪-૯૩નો આમુખમાં દર્શાવેલ ઠરાવ અને તેમાં સુધારા-વધારા અંગેના તમામ ઠરાવ/પરિપત્રો, વગર ટેન્ડરે ખરીદી માટે વ્યક્તિગત કિસ્સામાં આપવામાં આવેલ માન્યતા અંગેના હુકમો સિવાય, રદ કરવામાં આવે છે અને સમિતિ તરફથી અહેવાલમાં કરવામાં આવેલી ભલામણોને અનુલક્ષીને તથા રાજ્યના લઘુ, કુટિર અને નાના ઔદ્યોગિક એકમો અને શિક્ષિત બેરોજગારો તરફથી શરૂ કરવામાં આવેલ ઉદ્યોગો તથા ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ સંચાલિત સંસ્થાઓ વિગેરેને પ્રોત્સાહનરુપ તથા બજાર સહાયની કામગીરી કરતાં નિગમો મારફત પણ લઘુ, કુટિર ઉદ્યોગો વિગેરે સરકારી ખરીદીમાં સીધો જ ભાગ લઈ શકે તથા રાજ્યના સરકારી વિભાગો, ખાતાઓ, કચેરીઓને વાજબી અને સ્પર્ધાત્મક ભાવે સારી ગુણવત્તાવાળો માલસામાન મળી રહે તે હેતુથી નવી ખરીદનીતિ નક્કી કરવામાં આવે છે.

**(૧) પ્રાઈસ ટેન્ડર ફોર્મની કિંમત ચુકવવામાંથી તથા અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈ.એમ.ડી.) ભરવામાંથી મુક્તિ અંગેની શરતો :-**

(અ) રાજ્યના લઘુ, કુટિર અને ટાઈની ઔદ્યોગિક એકમો જે ચીજ વસ્તુઓના ઉત્પાદન માટે નોંધણી નંબર ધરાવતાં હોય તથા સી.એસ.પી.ઓ./રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ નિગમ/ડાયરેક્ટર જનરલ ઓફ સપ્લાઈઝ એન્ડ ડીસ્પોઝલ્સનો નોંધણી નંબર ધરાવતા હોવા જોઈએ.

(બ) ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ માન્ય સંસ્થાઓ જે ચીજવસ્તુઓનું ઉત્પાદન કરતી હોય તેનું ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, ખાદી અને વીલેજ ઈન્ડસ્ટ્રીઝ કમિશન (K.V.I.C.) અથવા કુટિર ઉદ્યોગનું નોંધણી પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઈએ.

(ક) રાજ્યના ઉત્પાદન પ્રવૃત્તિ કરતાં નિગમો જેવા કે, ગુજરાત ચર્મ ઉદ્યોગ વિકાસ નિગમ લિ., ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિ., ગુજરાત રાજ્ય ઘેટાં અને ઉન વિકાસ નિગમ લિ., તથા ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા આ હેતુ માટે માન્ય કરવામાં આવેલ આ પ્રકારનાં અન્ય નિગમો.

(ડ) પોતાનું ઉત્પાદન ન કરતાં પરંતુ રાજ્યના લઘુ, કુટિર અને ગ્રામ્ય ઉદ્યોગો વિગેરેનાં માટે બજાર સહાય પુરી પાડતાં, સરકાર દ્વારા માન્ય કરવામાં આવતા સરકારી નિગમો જેવાં કે ગુજરાત લઘુ ઉદ્યોગ નિગમ લી., ગુજરાત ગ્રામ્ય ઉદ્યોગ બજાર નિગમ લી. વિગેરે.

(ઈ) રાજ્ય સરકાર/કેન્દ્ર સરકાર અથવા તો રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર માન્ય સંસ્થાઓમાંથી શિક્ષિત બેરોજગારો માટેની વિવિધ યોજનાઓ અન્વયે ધીરાણ મેળવી શરૂ કરવામાં આવેલા ઉદ્યોગો કે જેમણે સંબંધિત જિલ્લા ઉદ્યોગ કેન્દ્રોમાંથી જે તે ચીજવસ્તુના ઉત્પાદન માટે નોંધણી પ્રમાણપત્ર મેળવેલ હોય.

**નોંધ :-**

રાજ્યના લઘુ, કુટિર અને ટાઈની ઔદ્યોગિક એકમો સરકારી ખરીદીમાં સીધે સીધા જ ભાગ લે તો જ તેમને ઉપરોક્ત મુક્તિનો લાભ મળવાપાત્ર રહેશે. તેમનાં વિક્રેતા, એજન્ટ, ડીસ્ટ્રીબ્યુટર કે અન્ય મધ્યસ્થી મારફત સરકારી ખરીદીમાં પરોક્ષ રીતે ભાગ લે તો તેમને આ મુક્તિનો લાભ મળવાપાત્ર નથી.

**(૨) સીક્યોરીટી ડીપોઝીટ :-**

સામાન્ય રીતે માલસામાનની ખરીદીની કિંમતના ૫% લેખે સીક્યોરીટી ડીપોઝીટ લેવામાં આવે છે. પરંતુ ઉપરોક્ત ફકરા નં. ૧માં દર્શાવેલા એકમો/સંસ્થાઓ પાસેથી જો માલ સામાનની ખરીદી રૂા. બે લાખથી વધુ હોય તો ૫% ના બદલે ૩% લેખે સીક્યોરીટી ડીપોઝીટ ભરવાની રહેશે. પરંતુ માલ સામાનની કિંમત રૂપિયા બે લાખ કરતાં ઓછી હોય તો સીક્યોરીટી ડીપોઝીટ ભરવાની રહેશે નહિ.

**(૩) લઘુ, ટાઈની અને કુટિર ઉદ્યોગોને ભાવ પસંદગી :-**

રાજ્યનાં લઘુ, કુટિર તથા ટાઈની એકમોને કાયમી નોંધણી નંબર મળ્યાની તારીખથી પાંચ વર્ષ સુધી ભાવ પસંદગીનો લાભ મળવાપાત્ર રહેશે. અર્થાત ઓછા ભાવ ધરાવનાર એકમ ગુજરાત રાજ્યનું લઘુ, કુટિર અથવા ટાઈની ઉદ્યોગ ન હોય તો, સૌથી ઓછો ભાવ ધરાવનાર ગુજરાતના લઘુ, કુટિર/ટાઈની એકમને ૧૦% ની ભાવ પસંદગી મળી શકશે. લઘુ ઉદ્યોગ એકમો, કુટિર ઉદ્યોગ એકમો, ગુજરાત લઘુ ઉદ્યોગ નિગમ લિ. કે ગુજરાત ગ્રામોદ્યોગ બજાર નિગમ લિ. દ્વારા ટેન્ડર ભરે તેવા કિસ્સામાં પણ ભાવ પસંદગીનો લાભ મળવાપાત્ર રહેશે.

પરંતુ રાજ્યના લઘુ ઉદ્યોગ એકમો જેઓએ કાયમી નોંધણી કરાવ્યાની તારીખથી પાંચ વર્ષ પૂરાં કર્યા હોય તેવા એકમ સામે ભાવ પસંદગી મેળવવાપાત્ર લઘુ, કુટિર ઉદ્યોગોને ભાવ પસંદગીનો લાભ મળી શકશે નહીં. પાત્રતાના આ ગાળા દરમ્યાન જો એકમનું સ્થળાંતર થાય, સંચાલક મંડળ બદલાય અથવા તો અન્ય કોઈ કારણોસર નવેસરથી કાયમી નોંધણી નંબર મેળવવામાં આવે તો તેવા કિસ્સાઓમાં પણ પ્રોત્સાહનની પાત્રતા મૂળ નોંધણીની તારીખથી ગણવાની રહેશે.

**(૪) ગુણવત્તા આધારિત ભાવ પસંદગી :-**

૧. આઈ.એસ.આઈ./આઈ.એસ.ઓ./એગમાર્ક/ક્વોલીટી માર્ક અથવા તો માલસામાનની ગુણવત્તાનું ધોરણ જાળવી રાખવા માટે કેન્દ્ર કે રાજ્ય સરકાર તરફથી અથવા તો તેમના તરફથી માન્ય કરવામાં આવેલી સંસ્થાઓ તરફથી આવા કોઈપણ પ્રકારના આપવામાં આવતા માર્ક ધરાવતા માલસામાન માટે ૫ ટકા ભાવ પસંદગી કોઈપણ જાતની સમય મર્યાદા સિવાય મળવાપાત્ર રહેશે.

પરંતુ જે કિસ્સાઓમાં જે તે કાયદા કે નિયમો અન્વયે આવો માર્ક મેળવવાનું ફરજિયાત હોય તેવા કિસ્સાઓમાં આ લાભ મળવાપાત્ર રહેશે નહિ. આ જ પ્રમાણે જે કિસ્સાઓમાં આવા માર્ક ધરાવતી ચીજ વસ્તુઓ માટે ભાવ મંગાવવામાં આવેલ હોય, તેવા કિસ્સાઓમાં પણ આ કારણસર વધારાના ૫ ટકા ભાવ પસંદગી મળવાપાત્ર રહેશે નહિ.

૨. ઉપર મુજબની ભાવપસંદગી ગણતાં કોઈપણ કિસ્સામાં ૧૫ ટકા કરતાં વધુ ભાવપસંદગી મળવાપાત્ર રહેશે નહિ.

**(૫) ભાવ મેળવણી (પ્રાઈસ મેચીંગ) :-**

અ. સૌથી ઓછા ભાવ દર્શાવનાર એકમ પરરાજ્યનું હોય તો રાજ્યના સૌથી ઓછા ભાવ દર્શાવનાર એકમોને ભાવ સરખામણી માટે વાટાઘાટો માટે બોલાવવા, ભાવ મેળવણી માટે નેટ પ્રાઈસ ગણતરીમાં લેવાની રહેશે. આવા કિસ્સાઓમાં સરખામણી માટેનાં પત્રકો નાણાં વિભાગનાં પરિપત્ર નં. એસપીએ/૨૭૫૨/૧૧૭૩/ક, તા. ૨-૫-૬૨ તથા પરિપત્ર નં. જીએસટી/૧૦૭૦/૬૨૪૬-ઠ, તા. ૩૦-૧-૭૧ની સૂચનાઓ મુજબ તૈયાર કરવાનાં રહેશે. (નકલ સામેલ છે.)

બ. જો રાજ્યનું સૌથી ઓછા ભાવ દર્શાવનાર પ્રથમ એકમ પરરાજ્યના સૌથી ઓછા ભાવ દર્શાવનાર પ્રથમ એકમના ભાવ સાથે ભાવ મેળવણી કરવા તથા તે મુજબની શરતો અને બોલીઓ માન્ય રાખવા તૈયાર હોય તો કુલ જથ્થાના ૫૦% ઓર્ડર રાજ્યના સૌથી ઓછા ભાવ દર્શાવનાર ઔદ્યોગિક એકમને આપવાનો રહેશે.

ક. જો રાજ્યનું સૌથી ઓછા ભાવ દર્શાવનાર પ્રથમ એકમ ઉપર મુજબ ભાવ સરખામણી માટે તૈયાર ના થાય તો આવા કિસ્સાઓમાં કુલ માંગના ૫૦% જથ્થાનો ઓર્ડર રાજ્યના સૌથી ઓછા ભાવ દર્શાવનાર બીજા એકમને પરરાજ્યના એકમના ભાવપત્રકની શરતો અને બોલીઓ મુજબ આપવાનો રહેશે.

ડ. ઉપરોક્ત પેટા ફકરા (બ) અને (ક) માં દર્શાવ્યા મુજબ જો રાજ્યના એકમો કુલ માંગનો ૫૦% જથ્થો પુરો પાડી શકે તેમ ન હોય તો તેવા કિસ્સાઓમાં આ ૫૦% જથ્થાનો ઓર્ડર રાજ્યના સૌથી ઓછા ભાવ દર્શાવનાર પ્રથમ, દ્વિતિય અને તૃતીય એકમોને સરખા ભાગે પરરાજ્યનાં સૌથી ઓછા ભાવ દર્શાવનાર એકમની શરતો અને બોલીઓને આધિન રહીને મુકવાનો રહેશે.

**(૬) રાજ્યના લઘુ કુટિર ઉદ્યોગો તેમજ રાજ્યના એકમો માટે આરક્ષણ :-**

તા. ૨-૪-૧૯૯૩ના ઠરાવ સાથે જોડેલ પરિશિષ્ટ 'અ', 'બ', 'ક', 'ડ' તથા 'ઈ' રદ કરીને તેના બદલે પરિશિષ્ટ-'અ', 'બ', 'ક', 'ડ' અને 'ઈ' નવેસરથી તૈયાર કરીને યોગ્ય મથાળા તથા તેમાં સમાવવામાં આવેલ આઈટેમ્સની વિગતો આ ઠરાવ સાથે સામેલ કરવામાં આવેલ છે.

**(૭) ઓર્ડર પ્રેફરન્સ :- ગુજરાત લઘુ ઉદ્યોગ નિગમ લિ. અને ગુજરાત ગ્રામોદ્યોગ બજાર નિગમ લિ.ને અગ્રતા આપવા અંગે :-**

પરિશિષ્ટ-કમાં સમાવિષ્ટ થયેલ આઈટમ માટે ગુજરાત લઘુ ઉદ્યોગ નિગમ લિ.ને કુલ માંગના ૭૦ ટકાના ધોરણે ઓર્ડર આપવા માટે અગ્રતા (ઓર્ડર પ્રેફરન્સ) આપવામાં આવશે. જ્યારે પરિશિષ્ટ-'અ' અને પરિશિષ્ટ-'બ' માં જણાવેલ આઈટમોના કુલ માંગના ૩૦ ટકાની ખરીદી ગુજરાત લઘુ ઉદ્યોગ નિગમ લિ., ગુજરાત ગ્રામોદ્યોગ બજાર નિગમ લિ. પાસેથી નીચેની શરતોએ કરવામાં આવશે.

સૌથી ઓછા ભાવ ધરાવતા અન્ય એકમ સાથે ભાવોની સરખામણી તેમજ તે એકમ દ્વારા મુકવામાં આવેલ અન્ય શરતો અને બોલીઓ પરિપૂર્ણ કરવાની રહેશે.

ઉક્ત જણાવેલ કિસ્સાઓમાં ભાવ પસંદગી આપવામાં આવશે નહિ.

**(૮) વિના ટેન્ડરે ખરીદી :-**

વિના ટેન્ડરે ખરીદી માટેનું પ્રવર્તમાન વર્ગીકરણ રદ કરી નીચે પ્રમાણે નવેસરથી વર્ગીકરણ કરવામાં આવે છે.

**કક્ષા : અ**

**સરકારી સંસ્થાઓ :-**

(૧) જેલ

(૨) ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ. સંચાલિત કલ્પતરૂ ભંડાર

(૩) ગુજરાત ગ્રામોદ્યોગ બજાર નિગમ લિ. (ગ્રીમકો)

(૪) ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિ. (વનીલ ઉદ્યોગ)

(૫) ગુજરાત રાજ્ય હસ્તકલા વિકાસ નિગમ લિ. (ગુર્જરી)

(૬) ગુજરાત રાજ્ય હાથશાળ વિકાસ નિગમ લિ. (ગરવી)

(૭) ગુજરાત રાજ્ય ચર્મોદ્યોગ વિકાસ નિગમ લિ.

(૮) ગુજરાત રાજ્ય ઘેટા અને ઉન વિકાસ નિગમ લિ. (ગુશીલ)

(૯) ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લિ. (નિગમ દ્વારા ઉત્પાદિત જંતુનાશક દવાઓ તથા અનાજ ભરવાના પીપ માટે જ)

**કક્ષા-બ**

સરકાર માન્ય સંસ્થાઓ (નીચેની સંસ્થાઓ જાતે ઉત્પાદન કરતી હોય ફક્ત તે આઈટમ પૂરતી આવી માન્યતા ગણાશે)

(૧) ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ/ખાદી અને વિલેજ ઈન્ડસ્ટ્રીઝ કમિશન લિ. (KVIC) દ્વારા માન્ય સંસ્થાંઓ.

(૨) અંધજન માટેની સંસ્થાઓ.

(૩) બહેરામુંગા માટેની સંસ્થાઓ.

(૪) અપંગો માટેની સંસ્થાઓ.

(૫) માનસિક ક્ષતિવાળા બાળકો માટેની સંસ્થાઓ.

(૬) માન્ય મહિલા સંસ્થાઓ. (ધ્વાકરા જૂથ સહિત -DWACRA)

(૭) બેન્કેબલ/પી. એમ. આર. વાય./બીજી યોજનાઓ હેઠળ સહાય પ્રાપ્ત શિક્ષિત બેરોજગાર યુવકે શરૂ કરેલ એકમ જે વસ્તુ માટે માન્ય હોય તે પૂરતું. પરંતુ એવા એકમોએ સરકારી સપ્લાય માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર પાસેથી ઉત્પાદિત વસ્તુ પુરતી ખાસ માન્યતા પ્રમાણપત્ર નોંધણી નંબર સાથે મેળવી લેવાનો રહેશે.

ઉપર વર્ગીકૃત સંસ્થાઓ/નિગમો પાસેથી નીચે દર્શાવેલ નાણાકીય મર્યાદા સુધી વગર ટેન્ડરે ખરીદી કરી શકાશે.

**નાણાંકીય મર્યાદા :-**

**(૧) રૂા. ૪૦,૦૦૦/- સુધી :-**

કેટેગરી - અ સંસ્થાઓ પાસેથી ભાવપત્રક (ક્વોટેશન) મેળવ્યા સિવાય અને કેટેગરી - બ સંસ્થાઓ પાસેથી ઓછામાં ઓછા ત્રણ ભાવપત્રકો (ક્વોટેશન) મેળવીને ખરીદી કરી શકાશે.

(૨) રૂા. ૪૦,૦૦૦/- થી ૨,૦૦,૦૦૦/- સુધી :-

ટચૂકડી જાહેરખબર આપી (કેટેગરી-'અ' હોય કે કેટેગરી-'બ' પાસેથી) ખુલ્લા ટેન્ડર મેળવીને ખરીદી કરી શકાશે. પરંતુ આવા ટેન્ડર ત્રણ કરતાં ઓછાં હશે તો તે માન્ય ગણાશે નહિ.

(૩) વાર્ષિક રૂા. ૨,૦૦,૦૦૦/- ઉપરની ખરીદી :-

વર્તમાનપત્રોમાં વિગતવાર જાહેરખબર આપી ખુલ્લા ટેન્ડરો મેળવીને ખરીદી કરી શકાશે.

માન્ય સંસ્થાઓને માન્યતા આપતા આદેશોમાં જે આઈટમોનો ઉલ્લેખ થયેલ હોય તે આઈટમ પુરતી ઉપર દર્શાવેલ મર્યાદામાં વગર ટેન્ડરે ખરીદી થઈ શકશે. આજ મર્યાદા અને શરતોને આધિન રહીને માન્યતા પ્રાપ્ત કેટેગરી-બ (૭) હેઠળના યુવકોને દૂરસ્તી, સર્વિસીંગ જેવી સેવાઓ પૂરતી કામગીરી સોંપી શકાશે.

જે નિગમ/સંસ્થા માટે જે આઈટમ પુરતો વિભાગ તરફથી ખાસ આદેશ આપવામાં આવેલ છે તે યથાવત રહેશે.

**(૯) આરક્ષણમાંથી મુક્તિ :-**

રાજ્યના લઘુ, કુટિર અને ટાઈની ઔદ્યોગિક એકમોને બજાર સહાય પુરી પાડવા માટે જે તે ક્ષેત્ર માટે આરક્ષિત કરવામાં આવેલી ચીજવસ્તુઓનો સમાવેશ પરિશિષ્ટ-'અ','બ','ક','ડ' અને 'ઈ' માં કરવામાં આવેલ છે.

પરંતુ આ પ્રકારના આરક્ષણને કારણે સારી ગુણવત્તા ધરાવતા માલસામાનની ખરીદી કરવામાં અથવા યોગ્ય હરિફાઈ ન હોવાના કારણે ત્રણ ભાવ પત્રક મેળવવામાં મુશ્કેલી જણાય કે કોઈ પ્રશ્ન ઉભો થાય તેવા કિસ્સાઓમાં સંબંધિત ખાતાએ સચિવશ્રીઓની ખરીદ સમિતિની આરક્ષણમાંથી મુક્તિ માટે મંજુરી મેળવવાની રહેશે. સચિવશ્રીઓની ખરીદ સમિતિ આરક્ષણમાંથી મુક્તિ આપવી કે નહિ તે અંગેનો નિર્ણય લઈ શકશે.

**(૧૦) અમલીકરણ :-**

આ નીતિ/સુચનાઓનું રાજ્ય સરકારના વિભાગો/ખાતાઓ/કચેરીઓ/બોર્ડ/નિગમો વિગેરેએ ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે. આ સુચનાઓના ભંગ અંગેના કિસ્સાઓની ઉદ્યોગ કમિશ્નરશ્રી તરફથી ચકાસણી કરી તે અંગેનો અહેવાલ સરકારશ્રીના જે તે વહીવટી વિભાગને મોકલવામાં આવશે. આ બાબતે ઉદ્યોગ અને ખાણ વિભાગનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.

આ હુકમો નાણાં વિભાગની તા. ૨૩-૫-૯૭ના રોજ આ વિભાગની ફાઈલ ક્રમાંક : એસપીઓ-૧૦૯૫-૧૮૯૪-ચ પર મળેલ મંજુરીના આધારે કરવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**રાજેન્દ્ર ભટ્ટ,**
સંયુક્ત સચિવ,
ઉદ્યોગ અને ખાણ વિભાગ.

**પ્રતિ,**

-- રાજયપાલશ્રીના સચિવ, રાજભવન, ગાંધીનગર.
-- મુખ્યમંત્રીશ્રીના સચિવ.
-- મંત્રીશ્રી, ઉદ્યોગના અંગત સચિવ.
-- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવ.
-- અધ્યક્ષશ્રી, કાર્યક્રમ અમલીકરણ સમિતિના અંગત સચિવ.
-- વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવ, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.
-- સચિવાલયના તમામ વિભાગો.
-- સચિવ, ગુજરાત તકેદારી આયોગ, અમદાવાદ.
-- સચિવ, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
-- સચિવ, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
-- રજિસ્ટ્રાર, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
-- રજિસ્ટ્રાર, ગુજરાત લોકાયુક્તની કચેરી, ગાંધીનગર.
--સચિવ, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
-- સચિવ, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ
-- કમિશ્નર, સરદાર પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ પબ્લીક એડમીનીસ્ટ્રેશન (સ્પીપા), અમદાવાદ.
-- તમામ ખાતાના વડા.
-- તમામ કચેરીઓના વડા.
-- તમામ કલેક્ટરો.
-- તમામ જિલ્લા વિકાસ અધિકારીઓ.
-- એકાઉન્ટન્ટ જનરલ (હિસાબ અને હકદારી) ગુજરાત, પો.બો.નં. ૨૨૦, રાજકોટ.
-- એકાઉન્ટન્ટ જનરલ (હિસાબ અને હકદારી) ગુજરાત, અમદાવાદ શાખા, અમદાવાદ.
-- એકાઉન્ટન્ટ જનરલ (ઓડિટ-૧), ગુજરાત બહુમાળી મકાન, 'સી' બ્લોક, લાલ દરવાજા, અમદાવાદ.

-- એકાઉન્ટન્ટ જનરલ (ઓડિટ-૨), ગુજરાત, પોસ્ટ બોકસ નં. ૨૭, (૫૦ નકલો સાથે)
-- હિસાબ અને તિજોરી અધિકારીઓ.
-- તમામ પેટા તિજોરી અધિકારીઓ.
-- તમામ મદદનીશ નિરીક્ષકો (સ્થાનિક નીધિ હિસાબ)
-- પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર/નર્મદા-ગાંધીનગર અને વડોદરા.
-- સ્થાનિક ઓડિટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
-- ગુજરાત સરકારના તાબાના તમામ જાહેર ઉપક્રમો.
-- તમામ નિગમો/બોર્ડ/યુનિવર્સિટીઓ.
-- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
-- જરૂરી પ્રેસ નોંધ બહાર પાડવા સારૂ.
-- ઉદ્યોગ અને ખાણ વિભાગની તમામ શાખાઓ/સર્વે અધિકારીઓ (નાણા શાખા/ઉદ્યોગ અને ખાણ સહિત).
-- પસંદગી ફાઈલ 'ચ' શાખા.
-- ટેબલ સીલેક્ટ ફાઈલ.

## પરિશિષ્ટ-અ

## લઘુ ઉદ્યોગો માટે આરક્ષિત રાખવામાં આવેલી આઈટમો (સામાન્ય)

૧. એલ્યુમિનિયમ ડ્રોપ, ટાવર, બોલ્ટસ
૨. કાપડના તેમજ ધાતુના તમામ પ્રકારના બિલ્લા
૩. ખાખી મોજાં (એન્કલેટ્સ વેબ)
૪. એમ્બ્યુલન્સ સ્ટ્રેચર
૫. વાંસની ટોપલીઓ અને વાંસની અન્ય સામગ્રી.
૬. ફક્ત એન્જીનથી ચાલતા વાહનો માટે બેટરી ચાર્જર.
૭. શેગળો
૮. બેટરી એલીમીનેટર
૯. ચામડાના પટ્ટા અને દોરીઓ
૧૦. શાહીચુસ પેપર
૧૧. કેનવાસ સિવાયના તમામ પ્રકારના જોડા
૧૨. હાડકાનો પાવડર
૧૩. બોલ્ટ્સ એન્ડ નટ્સ
૧૪. બોલ્ટ્સ સ્લાઈડીંગ
૧૫. કટોરા (ઉંડાણવાળા ધાતુના વાસણ-બાઉલ્સ)
૧૬. બ્રેકેટસ (રેલ્વે સિવાયના)
૧૭. બ્રાસ ડેમ્પર્સ
૧૮. પિત્તળના લોકર્સ
૧૯. પિત્તળના તાર
૨૦. કામળી
૨૧. પાણી પુરવઠા જોડાણ માટેના કેન અને વાલ્વ
૨૨. કેનવાસની આઈટમો
૨૩. ૧૫૦ એમ.એમ. x ૧૫૦ એમ.એમ. સુધીની સેન્ટ્રીફ્યુગલ પંપ સકસન અને ડીલીવરી પાઈપ.
૨૪. સાંકળની કડીઓ
૨૫. નરમ અથવા સુંવાળું ચામડું (ઘેંટા-બકરાનું)
૨૬. ભેંસ અને ગાયનું પકાવેલું (કમાવેલુ) ચામડું
૨૭. સરક્લીપ્સ
૨૮. કાપડના જેકેટ (વોટર પ્રુફ)
૨૯. કાથીના ગાદલાં, ચટાઈ અને તકિયા
૩૦. કાથીના ફાયબર અને કાથીના રેસા
૩૧. કોયર રોપ, હોસરલેઈડ
૩૨. કોર્ડ ટવાઈન માર્કર્સ
૩૩. અન્ય દોરડા
૩૪. કોપર સલ્ફેટ
૩૫. તાંબાની ખીલીઓ
૩૬. સુતરાઉ કાપડની થેલીઓ

૩૭. સુતરાઉ કાપડના પટ્ટાઓ
૩૮. સુતરની મીણીયા દોરી
૩૯. સુતરાઉ હોઝીયરી
૪૦. સુતરાઉ ઉન (નોન એકઝોર્બન્ટ)
૪૧. સુતરની પટ્ટીઓ અને દોરાઓ
૪૨. સુતરાઉ બનિયાન (ગંજી)
૪૩. સુતરાઉ કેનવાસની થેલીઓ
૪૪. ૩૧ કિલો સુધીના ક્રુશીબલ
૪૫. સામાન્ય કાતર
૪૬. કાપણીયા
૪૭. ડાઈબ્યુટાઈલ થેલેટ
૪૮. ડાઈમીથાઈલ થેલેટ
૪૯. ડીઝલ એન્જીન (ધીમી ગતિ) ૧૫ હોર્સપાવર સુધીના
૫૦. ચિત્રકામ અને ભુમિતિના સાધનો
૫૧. ધૂળથી રક્ષણ આપે તેવું ચામડું
૫૨. શારકામ માટેની માટી
૫૩. ડાઈઝ
૫૪. વિદ્યુત ઘંટડીઓ
૫૫. કોલબેલ્સ (ઈલેક્ટ્રીકલ)
૫૬. રેણ કરવા માટેના વિદ્યુત સળિયા
૫૭. સ્ટીલ ક્રોસ બાર જેવાં કે, ઈલેક્ટ્રીક ટ્રાન્સમીશન હાર્ડવેર
૫૮. ઢોળ ચઢાવેલા તાર અને વાસણો
૫૯. આઈલેટસ
૬૦. ફ્યુનેલ્સ
૬૧. ફળોનો પાવડર
૬૨. ફોગ બાયોનેટ્સ
૬૩. સંડાસ માટેની વિવિધ ફ્લશ સામગ્રી
૬૪. લોખંડની ડોલ
૬૫. ગન મેટલ બુશીશ
૬૬. ગ્લાસ અને પ્રેસ વાયર્સ
૬૭. ચકચકિત સળિયા અને તાર
૬૮. શુધ્ધ મીઠું (સફેદ)
૬૯. ગ્રીઝ નીપલ અને ગ્રીઝગન
૭૦. બંદૂક માટેના ખોખા
૭૧. ઘમેલા, કોદાળી, પાવડા, ત્રિકમ, પતરા વગેરે
૭૨. હાથના મોજા
૭૩. લાકડાના અને વાંસના હેન્ડલ
૭૪. હાથથી ચલાવવાના પ્રેસ

૭૫. હેર પાસામ વુલ (ઘોડા માટે)
૭૬. કાચુ અને પાકુ દરેક પ્રકારનું દેશી ચામડું
૭૭. હાથ છડના ચોખા (પોલીશવાળા અને પોલીશ વગરના)
૭૮. હીંજીસ-મીજાગરા
૭૯. ઘોડાના વાળ માટેના દાંતિયા (કાંસકા)
૮૦. હથોડી
૮૧. મધ
૮૨. હોર્સ અને મ્યુલ શુઝ
૮૩. ઘોડાની નાળ
૮૪. બગલ થેલા (હોમગાર્ડસ, એસ.આર.પી.)
૮૫. હાઈડ્રોલિક જેકસ
૮૬. માનવ સંચાલિત સફાઈનું સ્પ્રેઅર
૮૭. કીટ બેગ
૮૮. લાઠી
૮૯. ચામડાની બેગો
૯૦. ચામડાની પેટીઓ
૯૧. ચામડાની દોરી
૯૨. ચામડાના ઘોડાનો સાજ (જિન વિગેરે)
૯૩. ચામડાના સોલ
૯૪. ચામડાના વોશર
૯૫. સપાટ એક તરફ રુવાળુ કાપડ
૯૬. અળસીનું તેલ
૯૭. લીન્ક ક્લીપ્સ
૯૮. મશીન સ્ક્રુ
૯૯. કેનવાસ અને કંતાનની ટપાલ માટેની થેલીઓ
૧૦૦. મશીન શોપ વાઈસીસ
૧૦૧. મેગ્નેશીયમ સલ્ફેટ
૧૦૨. લાકડાની મોગરી (હથોડી)
૧૦૩. ચિનાઈ માટીની સ્વીચો
૧૦૪. ધાતુના ઝીપ ફાસ્ટનર (ચેઈન)
૧૦૫. ધાતુની દોરીઓ
૧૦૬. માપવાની ટેપ અને લાકડીઓ (મીટર)
૧૦૭. ધાતુના વાલ્વ
૧૦૮. ધાતુની ઘંટડીઓ (બેલ)
૧૦૯. મેટ્રીક પધ્ધતિના વજનો
૧૧૦. ફક્ત ટોર્ચ બેટરી માટેના મીનીએચર બલ્બ
૧૧૧. એમ. એસ. પ્લેટ વોશર
૧૧૨. એમ. એસ. ટાઈ બાર્સ

૧૧૩. મોનોમીટર્સ
૧૧૪. નીકલ સલ્ફેટ
૧૧૫. નાયલોનની પટ્ટીઓ અને દોરીઓ
૧૧૬. પગના નાયલોનનાં મોંજા
૧૧૭. ઘરગથ્થુ વપરાશ પ્રકારની ઈલેક્ટ્રીક ભઠ્ઠી
૧૧૮. પિત્તળ, લોખંડ, સ્ટીલના તાળાં
૧૧૯. પામ રોઝ ઓઈલ
૧૨૦. પેપરટેપ્સ
૧૨૧. પ્લાસ્ટર ઓફ પેરીસ
૧૨૨. ટપાલ સીલ કરવા માટેનું શીશુ
૧૨૩. ટપાલ માટેના ત્રાજવા
૧૨૪. પાઈલ્સ, ફેબ્રિક્સ
૧૨૫. પોટેશીયમ નાઈટ્રેટ
૧૨૬. ૧૧૦ એમ. એમ. સુધીની પી.વી.સી. પાઈપ
૧૨૭. પી.વી.સી.ના પગરખાં
૧૨૮. પી.વી.સી. ઈન્સ્યુલેટેડ એલ્યુમિનિયમ તાર
૧૨૯. પુલી વાયર્સ
૧૩૦. રબ્બરના બલૂન
૧૩૧. રબ્બર હોઝીસ
૧૩૨. રસ્ટ એન્ડ પ્રીવેન્ટીંગ/રીમૂવીંગ કંપોઝીશન
૧૩૩. રબ્બરના વસ્ત્રો અને ટોપીઓ
૧૩૪. રબ્બરની નળીઓ
૧૩૫. રેકસ બ્લાસ્ટ
૧૩૬. ૧૨૦૦ એમ. એમ. સુધીની આર. સી. સી. પાઈપ
૧૩૭. સેનેટરી પ્લમ્બીંગ ફીટીંગ
૧૩૮. સેફ્ટી પીન, પેપર પીન, ટાંકણી, સ્ટેપ્લર પીનો વિગેરે
૧૩૯. સ્ક્રુ ડ્રાઈવર્સ
૧૪૦. સીલ માટેની લાખ (સીલીંગ વેક્ષ)
૧૪૧. હાઈન્ટેસાઈલ સિવાયનાં સ્ક્રૂ
૧૪૨. દરેક પ્રકારનું ઘેટાંનું ચામડું
૧૪૩. સેલેક (લાખના પાતળાં પતરાં)
૧૪૪. પાવડા
૧૪૫. સીલ્ક વોબીંગ્સ
૧૪૬. સ્યુઈસ વાલ્વ
૧૪૭. શોકેટ્સ
૧૪૮. કાર્બોલિક સાબુ
૧૪૯. સ્કવાયરલ કેજ પ્રકારની ઈન્ડકસન મોટર
૧૫૦. સ્ટેપલર, સ્ટેમ્પ પેડ

૧૫૧. સ્ટીલના કબાટ
૧૫૨. સ્ટીલ બેડ-સ્ટીડસ (ખાટલો, પલંગ)
૧૫૩. સ્ટીલ મેઝરીંગ ટેપ
૧૫૪. સ્ટીલ વુલ
૧૫૫. પથ્થરના ક્વોરી અને ક્વોરી રોલર્સ
૧૫૬. સ્ટડ્સ
૧૫૭. સ્પીડ બોટ
૧૫૮. સોડીયમ નાઈટ્રેટ
૧૫૯. રેશમની રીબનો
૧૬૦. ટેબલ છરી કાંટા
૧૬૧. તાડપત્રી
૧૬૨. ટાંકીઓ
૧૬૩. દોરીઓ
૧૬૪. તંબુ માટેનાં થાંભલા
૧૬૫. ટોઈલેટ રોલ્સ
૧૬૬. ટીન સીલ હોલ્ડર્સ
૧૬૭. ટીન મેસ
૧૬૮. ટીપ બુટ્સ
૧૬૯. વાર્નીસ બ્લેક જપાન
૧૭૦. વોટર પ્રુફ કાગળઓ
૧૭૧. વોટર પ્રુફ થેલીઓ
૧૭૨. વોટર પ્રુફ આવરણ (કવર)
૧૭૩. વોટર પ્રુફ ડીલીવરી બેગ્સ
૧૭૪. વેક્સ પેપર
૧૭૫. વેલ્ડેડ વાયર
૧૭૬. વાયર બ્રશીશ અને ફાઈબર બ્રશીશ
૧૭૭. તારની જાળીઓ
૧૭૮. લાકડાંની પીનો
૧૭૯. વુડન વેનીયર્સ
૧૮૦. વુલન હોઝીયરી
૧૮૧. વુલન કેપ્સ (ઉનની ટોપીઓ)
૧૮૨. ઝીંક સલ્ફેટ

-----------

## પરિશિષ્ટ-બ

### ગુજરાત રાજ્યના લઘુ ઉદ્યોગ એકમો માટે આરક્ષિત આઈટમો.

૧. એએસી/એસીપ્રેશર કન્ડકટર અપ ટુ ૧૯ સ્ટાન્ડર્ડ
૨. એર કોમ્પ્રેસર
૩. એલ્યુમિનિયમ બિલ્ડર્સ અને હાડવેર હીનઝીસ
૪. એલ્યુમિનિયમના વાસણો
૫. કાંટાળા તાર
૬. બ્લો મોલ્ડ કન્ટેઈનર્સ
૭. ધાતુની પેટીઓ
૮. ડોલ
૯. ધાતુના વાલ્વ
૧૦. દૂધ માટેના ગેલ્વેનાઈઝ્ડ શીટ્સમાંથી બનાવેલા કેન અને માપીયા
૧૧. કેશિયર માટેની થેલીઓ
૧૨. દિવેલ
૧૩. ચંપલ અને સેન્ડલ
૧૪. ચેન પુલી બ્લોક્સ
૧૫. સી. આઈ. સ્યુઈસ વાલ્વ
૧૬. સફાઈ માટેનો પાવડર
૧૭. ક્લીપ બોર્ડસ
૧૮. કોન્ડ્યુટ પાઈપ્સ (મેટાલીક)
૧૯. સુતરાઉ વસ્ત્રો
૨૦. ખાટલા પલંગ માટેની સુતરાઉ પાટી
૨૧. કોટન રેગ્ઝ
૨૨. કન્ટ્રોલ પેનલ્સ
૨૩. પૂઠાંના બોક્ષ
૨૪. કેઈટ્સ વુલન (બોક્ષ)
૨૫. સ્ટેનલેસ સ્ટીલ સિવાયના ઘરવપરાશના વાસણો
૨૬. પી. વી. સી. વાયર અને કેબલ્સ (એલ્યુમિનિયમ)
૨૭. ડ્રમ અને બેરલ્સ
૨૮. કચરાપેટી
૨૯. ૧૦ એસ. પી. સુધીની ઈલેક્ટ્રીક મોટર્સ
૩૦. પોલીથીન ફીલ્મ
૩૧. ભૂમિતિનો કંપાસ
૩૨. (ગ્લ્યુ) સરેશ
૩૩. ગુંદરની પટ્ટીઓ
૩૪. હેન્ડ પંપ તથા તેના છૂટા ભાગો
૩૫. કીટ બોક્ષ
૩૬. કોદાળી

૩૭. લેબોરેટરીઝ કેમિકલ્સ
૩૮. લોકર્સ
૩૯. એલ. ટી. પ્રોસેલીન ઈન્સ્યુલેટર અને ફ્યુઝ ગ્રીપ્સ
૪૦. ગટરનાં ઢાંકણાં
૪૧. ધાતુની પેટીઓ
૪૨. ધાતુ માટેની પોલીશ
૪૩. નેપ્થેલીન બોલ્સ
૪૪. ઓફીસ પેસ્ટ
૪૫. દિવેટોવાળા સ્ટવ (ફક્ત દિવેટોનો)
૪૬. પેપર વેઈટ
૪૭. પેન્સીલ
૪૮. પ્લાસ્ટીક કેન
૪૯. પ્લાસ્ટીક બટન
૫૦. પાણી રાખવા માટેની પ્લાસ્ટીકની ટેન્ક
૫૧. પાઉચીઝ (પાકીટ)
૫૨. પોલીથીલીન પાઈપ્સ
૫૩. પોલીથીલીન થેલીઓ
૫૪. દરેક પ્રકારના રીવેટ્સ
૫૫. રોલીંગ શટર્સ
૫૬. રૂમ કુલર
૫૭. યલો શોપ
૫૮. પ્રવાહી સાબુ
૫૯. નરમ સાબુ
૬૦. ચશ્માની ફ્રેમ
૬૧. સ્પીરીટ લેવલ
૬૨. સ્ટોનવેર પાઈપ્સ
૬૩. સ્ટીલ ખુરશીઓ
૬૪. સ્ટીલના ઘોડા
૬૫. સ્ટીલના સ્ટુલ્સ
૬૬. સ્ટીલની અભરાઈઓ
૬૭. પતરાંની પેટી
૬૮. સ્ટીલની બારીઓ અને વેન્ટીલેટર્સ
૬૯. સ્ટોનવેર્સ જાર્સ
૭૦. રસ્તાની લાઈટના ફીટીંગ્સ
૭૧. શુટકેસો
૭૨. સીમેન્ટની ટાઈલ્સ (સિરામીક અને વિનાઈલ ફ્લોરીંગ સિવાયની)
૭૩. ૪ લીટર સુધીના ટીનના કેરબા
૭૪. પતરાની ટ્રે

૭૫. માનવ સંચાલિત ટ્રોલીઓ
૭૬. ટીનની પેટીઓ
૭૭. ટીબયુલર થાંભલા
૭૮. મીણીયા દોરી જાડી અને પાતળી
૭૯. છત્રીઓ
૮૦. વાસણો
૮૧. ધોવાનો સાબુ અને લોન્ડ્રી માટેનો સાબુ
૮૨. ગાડા વિગેરે માટેના ધરા
૮૩. વાયર ફેન્સીંગ અને ફીટીંગ્સ
૮૪. સુતરાઉ દિવેટો
૮૫. વાયર એડ્જેસ્ટીંગ સ્ક્રૂ
૮૬. લાકડાની અભરાઈઓ
૮૭. લાકડાનો વેર
૮૮. વુડન પ્લગ
૮૯. વુડન એમ્યુનિશન પેટીઓ
૯૦. પેકીંગ માટેની લાકડાની પેટીઓ (દરેક સાઈઝની)

---

## પરિશિષ્ટ-ક

રાજ્યના લઘુ ઉદ્યોગો માટે રાજ્યના મધ્યમ અને મોટા કદના ઉદ્યોગો તથા પરરાજ્યના લઘુ, મધ્યમ અને મોટા કદના ઉદ્યોગો સામે ભાવ સરખામણીના ધોરણે ૭૦ : ૩૦ નાં પ્રમાણમાં ખરીદવા પાત્ર આરક્ષિત આઈટમોની યાદી.

૧. બેન્ડેઝ સર્જીકલ કોટન (ફાર્માકોપીયા)

૨. બ્લીચીંગ પાઉડર

૩. એ. સી. પાઈપને અનુરૂપ સ્પેશ્યલ સી. આઈ.પાઈપ્સ

૪. ૨૫૦ એમ. એમ. ડાયામીટર સુધીની પી. વી. સી. પાઈપ.

---------------

## પરિશિષ્ટ-ડ

## કુટિર ઉદ્યોગો માટે આરક્ષિત આઈટમો.

૧. ખેતીના સાધનો (હાથ બનાવટનાં)
૨. પ્રાણીઓથી ચાલતા સાધનો
૩. પ્રાણીઓથી ચાલતા વાહનો
૪. પથારી માટેની ચાદરો (બેડશીટ)
૫. સાવરણી
૬. બ્રશ
૭. મીણબત્તી
૮. કાપડના કવર
૯. કાપડના સ્પોન્જ
૧૦. સુતરાઉ કાપડની ટોપીઓ
૧૧. કોટન કેસીસ, સુતરાઉ થેલી, ખોળ, આવરણ
૧૨. કોટન એરીયર્સ
૧૩. ખાદી સિવાયના સુતરાઉ કાપડના ડસ્ટર
૧૪. ગાંસડી (પેકીંગ) માટેનું સુતરાઉ કાપડ
૧૫. સુતરાઉ કાપડના ઓશીકા
૧૬. સુતરાઉ કાપડના પાકીટ
૧૭. સુતરના દોરડા
૧૮. સુતરની આંમળેલી દોરી
૧૯. ફ્રેન્ચ પોલીશ
૨૦. માનવ સંચાલીત ગાડા, હાથલારી, રેકડી વિગેરે
૨૧. અધર વુડન બોર્ડસ
૨૨. પેન્ટ, કોટ, લેંઘા
૨૩. તાડીનો ગોળ
૨૪. કાગળમાંથી બનતી ચીજવસ્તુઓ જેવી કે, કોથળીઓ, પરબીડીયાં વિ.
૨૫. પાપડ
૨૬. અથાણાં અને ચટણી
૨૭. સુતરાઉ રજાઈ
૨૮. બુટની દોરીઓ
૨૯. સ્લીપીંગ બેગ્સ
૩૦. લાકડાની ખુરશીઓ

------------

## પરિશિષ્ટ-ઈ

રાજ્યના તમામ ઉદ્યોગોને બહારના રાજ્યના ઉદ્યોગો સામે ભાવ સરખામણીના ધોરણે ૭૦ : ૩૦ ના પ્રમાણમાં ખરીદવા પાત્ર આઈટમોની આરક્ષિત યાદી :-

૧. ૮૦ એમ.એમ. થી ૭૦૦ એમ.એમ. ડાયામીટર સુધીની એ.સી. પ્રેશર પાઈપ

ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૨૩-૯-૧૯૯૭ના સ. ઠ. ક્ર. એસપીઓ-૧૦૯૫-૨૬૩૬ (૯૭)-ચ નું

જોડાણ-૧

*Supply of Material to be purchased by Governemnt Departments/Offices- Consideration of Quotation for-*

GOVERNMENT OF GUJARAT

Finance Department

Circular No. STA-2752/1173-K,

Sachivalaya, Ahmedabad, dated the 2nd May, 1962.

***CIRCULAR***

A question regarding consideration of quotations from suppliers liable to pay tax, under the Sales Tax laws for supply of materials to be purchased by Government Department or Offices was under consideration of Government for some time past. Government is now pleased to direct that in considering quotations from suppliers liable to pay sales tax/General Sales Tax to the Government of this State, the amount of tax so payable should be left out of accounts; while in the case of suppliers who have to pay Sales Tax under the local State Sales Tax law or the Central Sales Tax Act, 1956 to the Government of any other State, the amount of such taxes should be considered. The comparative quotations computed on the above basis should then be considered on merits.

By order and in the name of the Governor of Gujarat,

Sd/-

**K. J. GHODA,**

Under Secretary to the Govt. of Gujarat.

Finance Department.

To,

All Secretariate Departments.

All Heads of Departments/Offices.

The Accountant General, Gujarat State, Ahmedabad.

The Accountant General, Rajkot.

The Pay and Accounts Officer, Ahmedabad.

--------------------

ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૨૩-૯-૧૯૯૭ના સ. ઠ. ક્ર. એસપીઓ-૧૦૯૫-૨૬૩૬ (૯૭)-ચ નું

જોડાણ-૨

*Supply of Material to be purchased by Governemnt Departments/Offices- Consideration of quotations for-*

**GOVERNMENT OF GUJARAT**

**FINANCE DEPARTMENT**

Circular No. GST 1070/6246-TH,

Sachivalaya, Gandhinagar, dated the 30th January, 1971.

Read : Government Circular, Finance Department No. STA-2762/1173-K, dated the 2nd May, 1962 (Reproduced Below)

***CIRCULAR***

*Read :* Government Circular, Finance Department No. STA-2762/1173-K, dated the 2nd May 1962, Government has directed that while considering the quotations from suppliers who are liable to sales Tax/General Sales Tax, the amount of tax so payable should be left out of account; whereas in the case of suppliers who have to pay Sales Tax under the local Sales Tax low or the Central Sales Tax Act, 1956 to the Government of any other State, the amount of such taxes should be added to the price and the gross price inclusive of tax considered. The comparative quotations computed on the above basis should then be considered on merits. It has come to the notice of Government that inspite of these instructions, some of the Governemnt Departments/Offices do not follow the said instructions. It is therefore directed that the instructions and the procedures prescribed in the aforesaid circular in regard to consideration of quotations for supply of materials to be purchased by Government Departments/Offices should be observed scrupulously.

By order and in the name of the Governor of Gujarat,

Sd/-
**T. K. JAYARAMAN,**
Deputy Secretary to Govt. of Gujarat.
Finance Department.

To,

1. All Secretariate Departments.
2. All Heads of Departments and Heads Offices under the secretariat Departments./Offices.
3. All Finance Advisers
4. The Accountant General, Gujarat, Ahmedabad.
5. The Pay and Accounts Officer, Ahmedabad/Gandhinagar.
6. All Branches in Finance Department.
7. The Commissioner of Sales Tax, Ahmedabad (with 100 copies) (Distribution "A" Class)

-------------------

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.